## જન્મદિને વધામણી



જ્યોત્સ્નાબેન બુચ
ઘર : ૨૩૨૬૦૩૭૦



રેખાબેન પટેલ
કોર મેમ્બર, લાયોનેસ ક્લબ
મો. ૯૪૨૬૦૦૯૯૭૭, ૯૪૨૬૩૬૩૫૫૮



હાર્દિક સોરઠિયા
મો. ૯૦૩૩૫ ૦૭૯૩૧



જીવણલાલ એલ શાહ
મંત્રી, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૪૨૬૭ ૦૯૭૩૬

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

### પી. જી. મેડિકલ અને ડેન્ટલ માટે મેરિટલિસ્ટ જાહેર

# ૩૦ એપ્રિલથી ૪મે સુધી ગાંધીનગર મેડિકલ કોલેજમાં ઓફલાઈન પદ્ધતિથી પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર, તા. ૨૩

પી.જી.મેડિકલ માટે પ્રવેશ કમિટી દ્વારા મેરિટલિસ્ટ જાહેર કરી દેવાયું છે. પી.જી.મેડિકલની ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો કાઢતાં ૧૦૦૮ આજ રીતે ડિપ્લોમા પી.જી.ની ૧૩૫, એમડીએસની ૨૫૫ બેઠકો માટે પ્રવેશ સમિતિ દ્વારા મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. જેમાં મેડિકલ અને ડિપ્લોમા પી.જી.ની બેઠકો માટે ૧૯૦૯ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો છે. આજ રીતે એમડીએસમાં ૨૩૬ વિદ્યાર્થીઓને સમાવેશ કરાયો છે. એનઆરઆઈ કવોટામાં આવેલી કુલ ૧૩ અરજીમાંથી ૮ વિદ્યાર્થીઓ લાયક બન્યા છે.

પીએચ એટલે કે શારીરિક વિકલાંગ કેટેગરીમાં એક અરજી આવી હોવાની તે માન્ય થઈ છે. પી.જી.મેડિકલમાં ૩૧ વિદ્યાર્થી નોટ એલિજિબલ એટલે કે મેરિટમાં સમાવેશ થવા માટે લાયક બન્યા નથી. જે પૈકી ૨ વિદ્યાર્થીઓ નીટના સ્કોરમાં લાયક નહોતા. જ્યારે બે વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ ૩૧મી માર્ચ સુધીમાં પૂરી થતી ન હોવાથી તેમનો મેરિટમાં સમાવેશ કરાયો નથી. ૨૭ વિદ્યાર્થીએ દેશ બહારથી એમબીબીએસ કર્યું હોવાથી તેમને પ્રવેશ માટે લાયક ગણાયા નથી. પી.જી.ડેન્ટલમાં એક વિદ્યાર્થીને ઓછા માર્કસ હોવાથી મેરિટમાં સમાવેશ કરાયો નથી.

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે લાંબા વિવાદ બાદ આખરે મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. ઈન સર્વિસ ડોક્ટરો માટેની ૨૫ ટકા બેઠકો રદ કર્યા બાદ જાહેર કરાયેલા મેરિટલિસ્ટમાં પી.જી.મેડિકલ-પી.જી.ડેન્ટલ અને ડિપ્લોમા એમ ત્રણ કેટેગરીમાં મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. જેમાં પી.જી.મેડિકલમાં કુલ ૧૪૨૮ બેઠકો ઉપલબ્ધ હતી. જે પૈકી સરકારી કવોટામાં ૭૯૮, મેનેજમેન્ટ કવોટામાં ૮૫ અને એનઆરઆઈ કવોટામાં ૭૭ બેઠકોનો સમાવેશ થાય છે. જયારે ૪૨૦ બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં જતાં હવે પ્રવેશ સમિતિએ ૧૦૦૮ બેઠકો ભરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જયારે મેડિકલમાં જૈન કવોટામાં પણ ૪૮ બેઠકો અનામત રાખવામાં આવશે. આજ રીતે ડિપ્લોમા કેટેગરીમાં ૧૮૯ બેઠકોમાં સરકારી કોવોટામાં ૧૦૧, મેનેજમેન્ટ કવોટામાં ૧૩, એનઆરઆઈ કવોટામાં ૯ ઉપરાંત જૈન કવોટામાં ૧૧ બેઠકો ઉપલબ્ધ છે. ઓલ ઈન્ડિયા કવોટામાં ૧૫ બેઠકો જતાં હવે પ્રવેશ સમિતિએ ૨૫૫ બેઠકો માટે કાર્યવાહી કરાશે. એમડીએસ એટલે કે પી.જી.ડેન્ટલમાં કુલ ૨૭૦ બેઠકો ઉપલબ્ધ હતી. જૈ પૈકી સરકારી કવોટામાં ૧૫૯, મેનેજમેન્ટ કવોટામાં ૪૦, એનઆરઆઈ કવોટામાં ૩૬ બેઠકો ઉપરાંત ૧૯ બેઠકો જૈન કેટેગરી માટે રહેશે. આમ, પ્રવેશ કમિટીએ ૨૫૫ બેઠકો માટે કાર્યવાહી કરવાની રહેશે. પ્રવેશ સમિતિ દ્વારા મેરિટલિસ્ટ જાહેર કરાયા બાદ હવે આગામી તા.૩૦મીથી ૪ મેની વચ્ચે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે.

### પી. જી. મેડિકલમાં કોમન મેરિટ લિસ્ટ

ગુજરાતમાં પી.જી.મેડિકલમાં ચાલુ વર્ષથી કોમન મેરિટ લિસ્ટ તૈયાર કરવાનું નક્કી કરાયું છે. જેનો ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી મેડિકલ-ડેન્ટલ કોલેજના વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. નીટના આધારે કોમન મેરિટલિસ્ટ બનાવવાની જાહેરાત બાદ યુનિવર્સિટી પ્રેફરન્સ માટેની માંગણી વિદ્યાર્થીઓ દ્વારા કરાઈ હતી. કોમન મેરિટલિસ્ટના કારણે પ્રથમ ૨૦માં ગુજરાત યુનિવર્સિટી સિવાયની યુનિવર્સિટી અને કોલેજના ૧૦થી વધુ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યું છે. એટલું જ નહીં કરમસદની સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓને હવે પી.જી.માં ગ્રાન્ટેડ અને સરકારી કોલેજમાં પ્રવેશ મળે તેવી સ્થિતિ ઊભી થઈ છે. પી.જી.મેડિકલમાં અત્યાર સુધી યુનિવર્સિટી કક્ષાએ પ્રવેશ કાર્યવાહી થતી હતી. પી.જી.ની બેઠકો ખાલી પડે તો અન્ય યુનિવર્સિટી અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓને તક મળતી હતી. આ પ્રકારની વ્યવસ્થાના કારણે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી મેડિકલ કોલેજમાં અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ જ મેરિટમાં ટોપમાં આવતાં હતા. સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં પ્રવેશ કરનારા વિદ્યાર્થીઓને ક્યારેય સરકારી મેડિકલ કોલેજમાં પી.જી.નો અભ્યાસ કરવાની તક મળતી નહોતી.

# રાજ્યમાં વિન્ડ એનર્જી પ્લાન્ટનો વિક્રમ



ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતે વિન્ડ એનર્જી ક્ષેત્રે નવો વિક્રમ હાંસલ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં પવન ઊર્જા ક્ષેત્રે રેકોડ બ્રેક ૧૩૯૨ મેગોવોટના પ્લાન્ટની સ્થાપના થઈ છે, જે ગુજરાતની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં સૌથી વધુ છે. તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીના સમયગાળામાં વર્ષ ૨૦૦૭માં સૌથી વધુ ૭૮૯ મેગાવોટના પવન ઊર્જા પ્લાન્ટ સ્થપાયા હતા, જેની સામે હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીના સમયગાળામાં પવન ઊર્જા ક્ષેત્રે સૌથી વધુ વીજ ઉત્પાદન થયું છે. આમ રાજયમાં વિન્ડ એનર્જી પ્લાન્ટ સ્થાપવામાં વર્ષ ૨૦૧૬-૧૭માં તમામ રેકોર્ડ તૂટ્યા છે. આ વીજ ઉત્પાદન ઉમેરાવાને પગલે રાજયમાં પવન ઊર્જા ક્ષેત્રે વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૩૯૩૨ મેગાવોટ સ્થાપિત ક્ષમતા હતી તે હવે વધીને ૫૩૨૫ મેગાવોટ પહોંચી છે. ગુજરાત વીજ ઉત્પાદન ક્ષેત્રે પગભર હોવાને પગલે રાજ્યમાં બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોત માટે વધુ ભાર મુકવામાં આવતો ન હતો. પાટણ પાસે ચારણકામાં જે તે સમયે દેશનો સૌથી મોટો સોલર પ્લાન્ટ સ્થાપ્યા પછી રાજ્ય સરકાર આવા બિનપંરપરાગત ક્ષેત્રે નવા ઈન્સ્ટોલેશનને ખાસ ધ્યાન આપતી ન હતી. પરંતુ કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીન એનર્જી પર વધુ ફોકસ કરવાને પગલે રાજ્ય સરકાર ગ્રીન એનર્જી ક્ષેત્રે નવા પાવર પ્લાન્ટને મંજૂરી આપી રહી છે અને તેના પરિણામે જ ગુજરાતમાં વર્ષ ૨૦૧૬-૧૭ના એક વર્ષના સમયગાળામાં અત્યાર સુધીના સૌથી વધુ મેગાવોટ વીજ ઉત્પાદન કરતાં પ્લાન્ટ સ્થપાયા છે. પવન ઊર્જા ક્ષેત્રે પ્લાન્ટ સ્થાપનાર એક ઉત્પાદકે જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં પવન ઊર્જા ક્ષેત્રે સીમાચિન્હરૂપ કામગીરી આ વર્ષમાં થઈ હોવાનું આ આંકડાઓમાં જણાઈ રહ્યું છે અને એટલે જ સતત નંબર વન રહેતા નરેન્દ્ર મોદી સામે હવે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આ ક્ષેત્રે આગળ નીકળી ગયા છે.'

રાજય સરકારના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર જે કંપનીઓએ આ પવન ઊર્જા ઉત્પાદન પ્લાન્ટ સ્થાપ્યા છે, તેમાં અદાણી, જીઆઈપીસીએલ, સૂર્ય વિદ્યુત, ગ્રીન ઈન્ફ્રા સહિતની અનેક કંપનીઓનો સમાવેશ થાય છે. જેડાના ડિરેકટર જે ટી અખાણીએ જણાવ્યું હતું કે, 'રાજયમાં વર્ષ ૨૦૧૬-૧૭માં સૌથી વધુ પવન ઊર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન ક્ષમતા સ્થપાઈ છે. જે અગાઉના વર્ષોની સરખામણીમાં સારી એવી વધુ માત્રામાં છે.' વર્ષ ૨૦૧૫-૧૮માં ૩૯૨ મેગાવોટના નવા વીજ ઉત્પાદન પ્લાન્ટ સ્થપાયા હતા તેની સામે ગયા વર્ષ કરતાં ત્રણ ગણાથી પણ વધુ પવન ઊર્જા વીજ ઉત્પાદન પ્લાન્ટ રાજ્યમાં સ્થપાયા છે.

### ડાયરેક્ટ ❤ સે

ઘણીવાર જીવનમાં
આપણને
વગર વાંકે
સહન કરવું પડે છે...
એટલા માટે નહીં
કે આપણે
ખરાબ છીએ,
પણ એટલા માટે કે
આપણે
જરૂરિયાત કરતાં
વધારે સારા છીએ

## ડૉ. રોનક મોદીને ટીબીના નિદાન અને સારવારની શ્રેષ્ઠ કામગીરી બદલ ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલખાતે વર્લ્ડ ટીબી ડે નિમિત્તે ટીબીના નિદાન અને સારવારની ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તબીબોને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કલોલની રાજેશ હોસ્પિટલમાં સેવા આપતા હિંમતનગરના રહીશ ડૉ. રોનક મોદીને ટીબીના નિદાન અને સારવારની શ્રેષ્ઠ કામગીરી બદલ ઍવોર્ડ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. ડૉ. રોનક મોદીએ કલોલ તથા આજુબાજુનાં ગામના ૧૦૦થી વધુ દર્દીઓને ટીબી ડે અંતર્ગત સમજ અને સારવાર આપી પ્રશંસનીય કામગીરી કરી હતી જેની સરાહનીય નોંધ લેવાઈ હતી અને તે માટે તેઓ ઍવોર્ડના અધિકારી બન્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ, હોદ્દેદારો, તબીબી આલમ તથા અનેક મહાનુભાવો હાજર રહી તબીબની આ કામગીરીને આવકારી પ્રશંસા કરી હતી. ડૉ. રોનક મોદીને મળેલા ઍવોર્ડ માટે સમગ્ર મોદી સમાજે અભિનંદન પાઠવી સમાજનું ગૌરવ વધારવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.







નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી ધરતી દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ધરતી માતાના પૂજન ઉપરાંત ચિત્ર સ્પર્ધા પણ આ પ્રસંગે યોજવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ તરીકે જીપીસીબી, ગાંધીનગરનાં મદદનીશ ઈજનેર અલ્પાબેન ઠક્કર, નિસર્ગના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ અને ઈકોલી વેસ્ટ મૅનેટમૅન્ટ પ્રા. લિ.ના દિપેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ભવિષ્યનો વિચાર કરીને ધરતીને હરિયાળી અને પ્રદૂષણમુક્ત બનાવવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. આ માટે પ્રત્યેક વિદ્યાર્થીને એક વૃક્ષ વાવવા માટે તેમણે સલાહ આપી હતી. 'પૃથ્વી પરના પર્યાવરણની જાળવણી' વિષયે આયોજિત ચિત્ર સ્પર્ધા બે વિભાગમાં યોજાઈ હતી, જેમાં વયજૂથ પ્રમાણે વિદ્યાર્થીઓને વહેંચવામાં આવ્યા હતા. એ ગૃપમાં ધોરણ-૫થી ૭ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં અર્ષ મલીક, અક્ષરાજસિંહ ઝાલા અને દેવર્ષ કે પટેલ અનુક્રમે વિજેતા બન્યા હતા. બી ગૃપમાં ધોરણ-૮થી ૧૦ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં સાહિલ ડી સુમેસરા, પૂર્વી જે લાડુમોર અને વિવેક જગદીશભાઈ રાવલ અનુક્રમે વિજેતા બન્યા હતા. નગરના સિનિયર ચિત્રકાર ચિપલોનકરદાદાએ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી. બંને ગૃપના વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૫૦૦, ૩૦૦ અને ૨૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર ઉપરાંત પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગના સંયોજક હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ જહેમત ઊઠાવી હતી.

# માયાળુ મોસાળ તનથી છૂટી ગયું, મનથી કેમ છૂટે ?

હું એક એવી નસીબદાર વ્યક્તિ છું જેનો જન્મ મોસાળમાં થયો અને ઉછેર પણ મોસાળમાં થયો છે. મારું મોસાળ અમદાવાદમાં મણિનગર ચાર રસ્તા પાસે, મહાદેવ સામે છે. મારાં દાદા કેશવલાલ દવે અને દાદીમા કાન્તાબા. મારા મામા રસિકભાઈ દવે અને મામી ભારતીબેન. મામાનાં સંતાનો ભાવના, પૂર્વી અને કપિલ. મારાં મમ્મી સુશીલાબેન મોટાં અને રસિકભાઈ એમના નાનાભાઈ. વર્ષ ૧૯૫૮માં મારો જન્મ થયો. ઘરમાં ખૂબ આનંદ છવાઈ ગયો. પણ અચાનક હું ગંભીર બીમારીમાં પટકાઈ. ઘરમાં ચિંતાનું મોજું ફરી વળ્યું અને પાડોશી મનુભાઈ ભટ્ટ, ઈન્દિરાબેન પણ ચિંતાગ્રસ્ત બન્યાં. ડૉક્ટરને ઘરે બોલાવ્યા, એમણે તપાસીને કહ્યું કે આ બેબી સવાર જુએ તો તમારી નહીંતર ભગવાનની. ઘરમી સામે જ મહાદેવનું મંદિર હતું, જેની ઉપર ખૂબ જ આસ્થા હતી. સૌએ ઘીનો દીવો કર્યો અને આખી રાત દાદા-દાદી, મમ્મી પ્રભુનામ જપતાં રહ્યાં. રસિકમામા ગીતા વાંચતા રહ્યા. અંતે આંસુની ભાષા ભગવાને વાંચી લીધી અને સવારે તે નાની બેબીમાં ચેતનાનો સંચાર થવા લાગ્યો. સૌએ ભગવાનનો આભાર માન્યો અને તેમની આશા ભગવાને પૂરી કરી એટલે મારું નામ આશા રાખ્યું. કેટલાય દિવસ સુધી આખું ઘર મારી આગળ-પાછળ ફરતું રહ્યું. ધીમે-ધીમે મને સાચવતાં-સાચવતાં તેમનો પ્રેમ સંરક્ષણવૃત્તિમાં ફેરવાઈ ગયો અને મને મોસાળમાં જ કાયમી રાખવાનો નિર્ણય લેવાયો. મારું બાળપણ, શિક્ષણ, કારકિર્દી, લગ્ન બધું જ મોસાળમાં થયું.

મને બધાં ભાણીબેન કહીને બોલાવતાં. નાનપણથી જ ખૂબ માનપાન પામી. મધ્યમવર્ગનું ઘર હતું પણ મોંઘી શાળા-કૉલેજમાં શિક્ષણ મળ્યું. રસિકમામા મને ભણાવતા. જેમ જેમ ભણતી ગઈ તેમ તેમ મોસાળમાં સૌ રાજી થતાં ગયાં. જ્યારે મને બો પોસ્ટ ગ્રેજ્યુએશનની ડિગ્રી મળી અને સચિવાલયમાં લાયાબ્રેરીયન તરીકે નોકરી મળી ત્યારે મારાં મામા-મામી ખૂબ રાજી થયાં. મારા દાદી તો સૌને કહેતાં કે અમારી ભાણીબેન ટેબલ-ખુરશી પર બેસે છે, માથે પંખા ફરે છે અને પટાવાળા એને પાણી પાય છે. તેમની તપસ્યા પૂરી થતાં તેમના ચહેરા ઉપરનો સંતોષ મને સ્પર્શી ગયો. મેં અનુભવ્યું કે એક અભણ વ્યક્તિની મહેનતનું ફળ એક ભણેલા વ્યક્તિને પ્રાપ્ત થાય છે.

મારાં દાદી મને રોજ આગ્રહ કરીને એક રોટલી વધારે ખવડાવતાં, તે મીલમાં નોકરી કરતાં અને દર મહિને ૧૦ તારીખે એમનો પગાર ઘરમાં આવતો. ત્યારે બૂંદીના લાડુ અને તીખા ગાંઠિયા તેઓ લાવતાં, મોટુમલની કુલ્ફી પણ ખવડાવતાં.

હું જ્યારે ચોથા ધોરણમાં હતી ત્યારે મારા મામાનાં લગ્ન લેવાયાં. લગ્ન નિમિત્તે ચાંદીની ઘુઘરીવાળી ઝાંઝરી મારા માટે લીધી હતી, જેનો છમ છમ અવાજ આજેય મારા કાનમાં ગૂંજે છે. મારાં મામીને મેં પહેલીવાર મુંબઈથી આવેલી ગાડીમાંથી ઊતરતાં જોયેલાં, ખૂબ જ સુંદર દેખાતાં હતાં. લાંબા વાળ અને કાનમાં ઝુમ્મરવાળી મોટી સોનાની કડી એમણે પહેરી હતી, એ દૃશ્ય આજે પણ મને યાદ છે. ભારતીમામી મારા માટે ખૂબ જ માયાળુ બનીને રહ્યાં. એ મને સ્કૂલમાં જવા માટે દરરોજ તૈયાર કરતાં. મનેય મામી સાથે રહેવું ખૂબ ગમતું.

શાળામાં વૅકેશન પડે એટલે વતનમાંથી મારાં મમ્મી, નાના ભાઈ-બહેન દીપક, છાયા, સુનિલ એ સૌ અમદાવાદ આવતાં. રસિકમામા વહેલી સવારે ૪ વાગ્યે કાલુપુર સ્ટેશને એમને લેવા જતા અને મૂકવા પણ જતા. તેમને પણ મોસાળનો પ્રેમ મળ્યો છે, દાદીનો પ્રેમ મળ્યો છે. હા, હું મોસાળમાં રહેતી હતી એટલે મને વિશેષ પ્રેમ મળ્યો છે, એવો પ્રેમ જેણે મારાં માવતરને પણ ભુલાવી દીધાં હતાં.

મારાં દાદીમા ખૂબ જ ધાર્મિક હતાં. રાત્રે ભજનો સાંભળવા જતાં, સાથે મનેય લઈ જતાં. મેં એમના ખોળામાં બેસીને ભજનો સાંભળ્યાં છે, આસ્થા અને પ્રામાણિક જીવનના પાઠ શીખ્યા છે. મારાં લગ્ન થયા ત્યાં સુધી એમનો સહવાસ એ મારા જીવનનો અમૂલ્ય વારસો છે અને એટલે જ એમનો સ્વર્ગવાસ મારા માટે અસહ્ય બન્યો હતો. એમનો આ વારસો મારા પુત્રને આપવાનો પ્રયાસ કરું છું. લગ્ન પછી માયાળુ મોસાળ તનથી છૂટી ગયું, મનથી કેમ છૂટે ?

**- આશાબેન જે દવે**
**સેક્ટર-૩ એ**

**સંવેદના**
**મારું માયાળુ મોસાળ**

મોસાળ નામ સ્મરતાં જ આંખ સામે એક મસ્ત વૅકેશનનો નઝારો આવી જાય છે. કોઈ રોકટોક વગરનું જીવન માણવું એનું નામ મોસાળ. અને મોસાળનું નામ યાદ આવે તો મામા તો યાદ આવે જ. મન ભરીને મોજ માણવામાં જે સાથ આપે એ મામા. મેં તો અનુભવ્યું છે કે માનું બમણું કરીએ એ મામા. અલબત્ત, માના પ્રેમનો કોઈ મુકાબલો નથી, પણ મામાના પ્રેમની વાતેય નિરાળી તો છે જ. માના પ્રેમની ઝલક મામાના પ્રેમમાં અવશ્ય દેખાઈ આવે છે.

મારું મોસાળ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલું એક નાનકડું ગામ - રામપુર. રામપુર ગામ એના નામ જેવું જ સુંદર અને રળિયામણું, જ્યાં એક નાનું તળાવ, નાની શાળા અને ધરો. અહીંના લોકોનાં દિલ ઘણાં મોટાં.

જેવું વૅકેશન પડે કે ત્યાં જવાનું મન થઈ જાય. ઉનાળાની આકરી ગરમી પણ મોસાળમાં ઓછી જ લાગે. ગમે તેવી ગરમી હોય તો પણ મોસાળમાં ધિંગામસ્તી, રમતો અને પાદર સુધી દોડી જવાની તૈયારી. ખેતર વચ્ચે એક સરસ મજાનું વૃક્ષ, જેની નીચે ખાટલો નાખીને બેસવાની જે મજા હતી એ આજે એસી રૂમમાંય નથી આવતી.

મોસાળમાં આખુંય ગામ આપણને 'વીઆઈપી' હોવાનો અહેસાસ કરાવે. આખુંય ગામ ભાણિયાઓને એવો આવકાર આપે કે હૈયું ગદગદ થઈ જાય. નાની કેરીનો રસ બનાવી આપે અને મામી પુરીઓ બનાવી આપે ત્યારે તો દુનિયાનાં બધાં પકવાન એમની સામે ફિકાં પડી જાય !

અમારા તોફાનથી ક્યારેક નાના ચિડાય અને મામી મોં ફુલાવીને બેસી જાય, પણ મામા બધું સાંભળી લે અને સંભાળી પણ લે.

આ બધી જ યાદો પછી જ્યારે ઘરે પરત જવાની ઘડી આવે ત્યારે એ સૌ માટે આકરી હોય. મોસાળનો એ ઝુરાપો આજેય અંતરમાં અકબંધ છે.

**- રાહુલ એમ વાણિયા**
**સેક્ટર-૪ સી**

આપણા સુપ્રસિદ્ધ કૅમ્પ હનુમાન મંદિર પાસે જ સ્થિત સદર બજારમાં મારું મસ્ત મસ્ત મોસાળ. ખળખળ વહેતી સાબરમતી નદીના કિનારે ઊંચી-ઊંચી ભેખડો પર સુરતી સ્ટ્રીટ ને ત્યાં મારા મામાનું ઘર.

આઝાદી અગાઉ અંગ્રેજોના સમયથી કૅમ્પ સદર બજાર વસેલું છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈનો બંગલો અહીં શાહીબાગમાં જ છે. ડફનાળા, આર્મી એરિયા, હનુમાનજી મંદિર, ઍરપોર્ટ (વિમાનઘર) અને મોટું કૅમ્પ-સદરબજાર છે, જેનો કેન્ટોનમેન્ટ વિસ્તાર કહે છે.

મને મારું મોસાળ ખૂબ વહાલું છે. સ્વભાવે મસ્ત અને માયાળુ નાના-નાની, બે મામા, ચાર માસી, મોજીલાં દામુમામી તથા અન્ય પરિવારજનો, અન્ય વસાહતીઓ પણ માયાળુ.

અમારું ઘર વિજયનગર સોસાયટી, વેદમંદિર પાસે, કાંકરિયા વિસ્તારમાં. જ્યાં અમે નવ ભાઈ-બહેનો માતાપિતા સાથે રહીએ છીએ. અમે બધાં સાગમટે મામાના ઘરે જવા નીકળીએ ત્યારે મારા પિતાજી મજાકમાં કહેતાં, ઈલેવનની ટીમ ક્રિકેટ રમવા નીકળી. ૧૯૬૦ના એ ગાળામાં અમદાવાદમાં ઑટો રિક્ષાઓ ન હતી. પૅડલ રિક્ષા, ઘોડાગાડીઓ અને મ્યુનિસિપલ કૉર્પોરેશનની લાલ બસમાં અવરજવર થતી. અમે પણ લાલ બસમાં પારસી અગિયારી, કાંકરિયા બસ સ્ટેન્ડથી બેસી કૅમ્પ સદરબજાર ઉતરતાં અને દોડતાં-દોડતાં મામાના ઘેર પહોંચી જતાં. મારા માતા-પિતા નિરાંતે આવતાં ને બધાંને હળતાં-મળતાં. મારાં મમ્મી લક્ષ્મીબેનને સૌ હસી-હસીને મળતાં.

મામાના ઘરે પહોંચતાં જ અમારાં તોફાન-મસ્તી શરૂ થઈ જતાં. મામા-માસીઓ સાથે અમે નદીએ પહોંચી જતાં. અમને નદીમાં તરતાં મામા-માસીઓએ જ શીખવ્યું. મામાના ઘર પાસેની ભેખડ પરથી સાબરના સામા કિનારે આવેલું મોટું પાવર હાઉસ દેખાતું. અમે પાણીના વહેણમાં આગળ ને આગળ જતાં ત્યારે નદીના ડાબા કિનારે રાજભવન દેખાતું, એનાથી આગળ જઈએ તો નારણઘાટ અને મંદિરો દેખાતાં. અમે પાછા ફરતાં ત્યારે બપોર થઈ હોય. જમવાની વેળા થઈ હોય એટલે દામુમામી અમને બોલાવવા આવતાં. અમે પરાણે પાણીમાંથી નીકળીને જમવા પહોંચતાં.

વળી પાછા ચારેક વાગે તો નદીએ પહોંચી જતાં ને એ જ ધુબાકાનો ક્રમ પાછો ચાલુ થઈ જતો.

ઉનાળુ વૅકેશન અને દિવાળીની રજાઓમાં, મોટા તહેવારોમાં અમે મામાના ઘરે જ ધામા નાખીને રહેતાં. ૧૮૬૩થી ૬૩માં વૈજંતીમાલાની ફિલ્મ નાગિન જોવા મામા અમને લઈ ગયેલા. એક જ દિવસમાં અમે બે વાર નાગિન જોયેલું. દરવાજે ઊભા રહેતા લાલામામા મારા શ્યામલાલ મામાના મિત્ર હતા એટલે અમને ટૉકિઝમાં જ બેસાડી રાખીને સળંગ બે શો જોવા દિધેલા. આ સંભારણું હૃદયમાં કાયમ છે ને નાગિન ફિલ્મનાં ગીતોય હજુ યાદ છે. આવું મોસાળ ક્યારેય ભુલાય ખરું ? મારા મસ્ત મોસાળને સો-સો સલામ.

**- ચંદ્રાબેન શ્રીમાળી**
**સેક્ટર-૩ એ**